# સ્ત્રીઓએ અલંકાર
# પહેરવા પાછળનું શાસ્ત્ર

(Science underlying the wearing
of ornaments by women - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

દેવતાઓએ મોટે ભાગે રત્નજાડિત અને સુવર્ણ અલંકાર ધારણ કરેલા હોય છે. દેવતા પણ જ્યાં અલંકારોથી વિભૂષિત હોય છે, ત્યાં માનવી જીવોનું શું ? સ્ત્રી જાતિ માટે તો અલંકાર એટલે, સ્ત્રીનું લાવણ્ય અને શાલીનત્વ કેળવનારો સહસ્રો વર્ષોનો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો. સ્ત્રી માટે અલંકાર કેવળ શોભાની અથવા મોજમજાની વસ્તુ ન હોઈ, સ્ત્રીને ઈશ્વરી ચૈતન્ય પ્રદાન કરનારો અને તેનામાં દેવત્વ જાગૃત કરનારો તે એક મહત્ત્વનો ઘટક છે, તે આ લઘુગ્રંથમાં શાસ્ત્ર સહિત કહ્યું છે.

હાલના કળિયુગમાં લગભગ દરેકને જ ઓછા-વત્તા પ્રમાણમાં અનિષ્ટ શક્તિઓનો ત્રાસ હોય છે. પૂર્વજ અનિષ્ટ શક્તિઓ ઇત્યાદિના ત્રાસ સામે રક્ષણ કરવા માટે અલંકારો મૂલ્યવાન ભૂમિકા કેવી રીતે ભજવે છે, એ પણ આ લઘુગ્રંથમાં આપ્યું છે. એક સાધિકામાં પ્રગટ થનારી વરિષ્ટ અનિષ્ટ શક્તિને (માંત્રિકને) સાધિકાએ પહેરેલા અલંકારો ઉપર પ્રથમ આક્રમણ કરવું એમ લાગે છે, એનાથી જ અલંકારોનું મહત્ત્વ સિદ્ધ થાય છે. અલંકારો એમજ પરિધાન કરવા કરતાં વારેઘડીએ તેને વિભૂતિ લગાડીને પરિધાન કરવા કેટલું અગત્યનું છે, એ એક સાધિકાએ કરેલા સૂક્ષ્મના પ્રયોગ પરથી ધ્યાનમાં આવે છે અને અલંકારોની શુદ્ધિનું મહત્ત્વ સમજાય છે. સ્ત્રીઓના વિવિધ અલંકાર, તેમનું મહત્ત્વ અને તે પરિધાન કરીને કરેલા સૂક્ષ્મ-જ્ઞાન વિશેના પ્રયોગ સંબંધી માહિતી અલંકાર વિશેની માલિકાના જુદા જુદા ગ્રંથોમાં આપી છે.

આ લઘુગ્રંથને કારણે અલંકારોનું મહત્ત્વ ધ્યાનમાં આવીને આવી ચૈતન્યમય ભેટ આપનારા હિંદુ ધર્મનું મહત્ત્વ ધ્યાનમાં આવે, એવી શ્રીગુરુચરણોમાં પ્રાર્થના. - **સંકલક**

---

# અનુક્રમણિકા


**સંકલકોનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ** **૮**

**આધ્યાત્મિક પરિભાષામાંની પ્રસ્તાવના !** **૧૨**

૧. સ્ત્રીઓએ અલંકાર પહેરવાનું મહત્ત્વ અને લાભ ૧૭

૨. ભાવનાશીલતા અધિક ધરાવતી સ્ત્રીઓએ કયા પ્રકારના અલંકાર પરિધાન કરવા ? ૨૯

૩. વિધવા સ્ત્રીઓએ અલંકારો શા માટે પરિધાન ન કરવા જોઈએ ? ૩૨

૪. અલંકાર પહેરનારી અને ન પહેરનારી સ્ત્રી ૩૪

૫. સર્વસાધારણ સ્ત્રી અને અનિષ્ટ શક્તિઓનો ત્રાસ ધરાવનારી સ્ત્રી પર અલંકારોનું થતું પરિણામ ૩૬

૬. અલંકાર પરિધાન કરવા અંગે કરેલા સૂક્ષ્મના પ્રયોગ ૪૯

૭. અલંકાર પરિધાન કરવા વિશે વ્યાવહારિક સૂચનાઓ ૭૭

૮. અલંકારોની આવશ્યક્તા કોને નથી ? ૭૮